ચકચારી બનેલું જમીન કૌભાંડ: ચાર ફરાર શખ્સોની શોધખોળ

મોવિયામાં ખેતીની જમીન હડપવાનો કારસો: મહિલા વકીલ સહિત ૪ પકડાયા

ગોંડલ તા.૫

ગોંડલ તાલુકાના મોવિયા ગામે જમીનનાં માલિકોની જાણ બહાર બોગસ દસ્તાવેજો ઉભા કરી બારોબાર જમીન વેચી નાંખી લાખો રૂપિયાનું કીભાંડ આચરવા અંગે ગુનો નોંધાયા બાદ ગોંડલ તાલુકા પોલીસે મહિલા વકીલ સહિત ચાર આરોપીઓની ધરપકડ કરી છે. બીજા ચાર આરોપીઓના પણ નામ ખુલતાં તમામની શોધખોળ શરૂ કરી છે. આ સમગ્ર જમીન કીભાંડના મુખ્ય સુત્રધાર તરીકે મૂળ મેંદરડાના અને હાલ રાજકોટમાં મનહર પ્લોટ શેરી નં.૭માં શ્રીજી દર્શન એપાર્ટમેન્ટમાં રહેતાં ઉત્તમસિંહ અભેસિંહ રાઠોડ (ઉ.વ.૩૨)નું નામ ખુલ્યું છે.

ખેડૂત દંપતીના નામે બોગસ આધારકાર્ડ અને ડમી માલિકો ઊભા કરી દસ્તાવેજ નોંધાવવાનું છળ: સૂત્રધાર સહિતની ટોળકી પકડાઈ

પોલીસ સૂત્રોએ જણાવ્યું કે મોવિયા ગામે સર્વે નં. ૧૦૦ પૈકીની અંદાજે ૧-૮૪-૯૨ હેક્ટર જમીન કાન્તીલાલ પાઠક અને મધુબેન પાઠકના નામે આવેલી છે. આ દંપતી હાલ અમેરિકા રહેતું હોવાથી આરોપી ઉત્તમસિંહ રાઠોડ અને તેના સાગરીતોએ જમીન હડપવાનું કાવતું ઘડ્યું હતું. આરોપીઓએ તેમના નામના બોગસ આધારકાર્ડ, ચૂંટણી કાર્ડ અને પાનકાર્ડ બનાવ્યા હતા. જેના આધારે ગોંડલની કી-ઓપરેટિવ બેંકમાં ખાતું ખોલાવ્યું હતું. ત્યાર પછી રજિસ્ટ્રાર કચેરીમાં ડમી વ્યક્તિઓને તેમના વતી રજૂ કરી જમીનનો વેચાણ દસ્તાવેજ કરી નાખ્યો હતો. આ રીતે અલગ-અલગ ખરીદદારો પાસેથી કુલ રૂા.૭૯લાખ જેવી માતબર રકમ મેળવી લીધી હતી.

આ સમગ્ર કારસ્તાનમાં મુખ્ય સૂત્રધાર ઉત્તમસિંહ રાઠોડે બોગસ દસ્તાવેજો બનાવી બેંકમાં ખાતું ખોલાવ્યું હતુ જ્યારે વકીલ ભાવનાબેન ચાવડાએ ડમી વ્યક્તિઓ શોધી આપી રજિસ્ટ્રાર કચેરીમાં તેમની જમીનનાં માલિક તરીકે ઓળખ કરાવી હતી. વિપુલગિરિ ગોસ્વામીએ લેપટોપમાં એડિટિંગ કરી ડુપ્લીકેટ આધારકાર્ડ બનાવી આપ્યા હતા. તુષાર દુદ્રાણીએ દસ્તાવેજમાં સાક્ષી તરીકે સહીઓ કરી ડમી વ્યક્તિઓની ઓળખ આપી હતી. પોલીસે આ ચારેય આરોપીઓને ઝડપી લીધા છે. આ કૌભાંડમાં સંડોવાયેલા અન્ય આરોપીઓ ગીતાબેન કાપડી, દિનેશ નિમાવત, નિશાંત ભેટારિયા અને ગોવિંદરામ કાપડીને ઝડપી લેવા તજવીજ હાથ ધરી છે.

વોન્ટેડ આરોપીઓમાં કોની શું-શું ભૂમિકા

ગોંડલ, તા.૫

વોન્ટેડ આરોપી દિનેશ છે. જમીન માલિક કાન્તીલાલ પાઠકનો સ્વાંગ રચી વેચાણ દસ્તાવેજમાં ખોટી સહીઓ કરી હતી. દરેક દસ્તાવેજ દીઠ તેને રૂા.૧.૨૫ લાખ મળ્યા હતા. આરોપી ગીતાબેને જમીન માલિક મધુબેનનો સ્વાંગ રચી વેંચાણ દસ્તાવેજમાં ખોટી સહીઓ કરી હતી. તેને પણ દરેક દસ્તાવેજ દીઠ રૂા.૧.૨૫ લાખ મળ્યા હતા. આરોપી નિશાંતે વેંચાણ દસ્તાવેજમાં સાક્ષી તરીકે રહી ડમી વ્યક્તિઓની ઓળખ આપી હતી. જ્યારે આરોપી ગોવિંદરામે ડમી વ્યક્તિઓની વ્યવસ્થા કરી આપી હતી. બદલામાં તેને રૂા.૩૫ હજાર મળ્યા હતા.

મુખ્ય સૂત્રધાર રાજકોટનો, બાકીનાં આરોપીઓ ગોંડલના

ગોંડલ, તા.૫

મુખ્ય સૂત્રધાર ઉત્તમસિંહે પોતે વેપાર કરતો હોવાનું પોલીસને જણાવ્યું છે, બીજો આરોપી વિપુલગીરી ગોંડલનાં મોવિયા ગામે રહે છે અને વીડિયો શૂંટીંગનું કામ કરે છે. આરોપી ભાવનાબેન મૂળ દેરડીકુંભાજીનાં વતની છે હાલ ગોંડલ રહે છે. આરોપી તુષાર પણ હાલ ગોંડલ રહે છે. મૂળ મોવિયા ગામનો વતની છે. વોન્ટેડ આરોપી દિનેશ ધોરાજી, ગીતાબેન ગોંડલ, નિશાંત રાજકોટ અને ગોંવિંદરામ ગોંડલ રહે છે.

સોશ્યલ મીડિયાના દુષ્પ્રભાવ વચ્ચે લાલબત્તી સમાન કિસ્સો

પોરબંદરમાં બાળકી ઉપર ૧૨ વર્ષના તરૂણનું વારંવાર દૂષ્કર્મ

પોરબંદર,તા.૫

શહેરના ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા એક પરિવારની સાડા ચાર વર્ષની માસૂમ દીકરી સાથે તેમના પડોશમાં રહેતા માત્ર ૧૨ વર્ષના કિશોર દ્વારા એકથી વધુ વખત દુષ્કર્મ આચરવામાં આવ્યાની હકીકત સામે આવતા પોરબંદર શહેરને હચમચાવી દીધું છે.

મેડિકલ તપાસ બાદ તરૂણ સામે જુવેનાઈલ જસ્ટિસ એકટ મુજબ ફરિયાદ, હવે આગળની કાર્યવાહી કરાશે

પોરબંદર જિલ્લા પોલીસને ખાનગી રાહે બાતમી મળી હતી કે એક પરિવારમાં સાડા ચાર વર્ષની દીકરીની સાથે તેમના પડોશમાં રહેતા ૧૨ વર્ષના કિશોર દ્વારા કોઈપણ પ્રકારનું દુષ્કર્મ આચરવામાં આવેલ છે. આ માહિતી મળતાની સાથે જ પોલીસની ટીમ દ્વારા સીઝમ ભોગ બનનાર બાળકીના માતા-પિતાની સંપર્ક કરી વ્યવસ્થિત કાઉન્સિલિંગ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આ કાઉન્સિલિંગના આધારે માતા-પિતાની સંમતિ મળતાની સાથે જ ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનમાં પોક્સો એકટની કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. ફરિયાદ નોંધાયા બાદ પોલીસ દ્વારા ભોગ બનનાર બાળકીની હોસ્પિટલમાં મહિલા ડોક્ટરની ટીમ દ્વારા બાળકીની સંપૂર્ણ મેડિકલ તપાસ કરવામાં આવી છે. મેડિકલ રિપોર્ટને કેસના મહત્વના પુરાવા તરીકે સામેલ કરવામાં આવશે. એફ.એસ.એલ.ની ટીમ દ્વારા પણ સ્થળ પરથી જરૂરી પુરાવા એકત્ર કરવામાં આવ્યા છે. ભોગ બનનાર બાળકીનું નિવેદન ચાઈલ્ડ વેલ્ફેર કમિટીના સભ્યોની હાજરીમાં લેવામાં આવશે. આ ઉપરાંત આરોપી કિશોરની માનસિક સ્થિતિની તપાસ માટે તેનું સાયકોલોજિકલ એસેસમેન્ટ પણ કરાવવામાં આવશે. બાળ મનોવૈજ્ઞાનિકની મદદથી આરોપી કિશોરનું કાઉન્સેલિંગ કરાશે. આરોપી કિશોર ૧૨ વર્ષનો હોવાથી તેની સામે જુવેનાઈલ જસ્ટિસ એક્ટ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

જામનગરમાં પ્રદર્શન મેદાન સામે જોણું થયું

નશામાં વૃક્ષ પર ચડીને યુવાને ગળાફાંસો ખાવાનો પ્રયાસ કર્યો

જામનગર,તા.૫

જામનગર શહેરમાં પ્રદર્શન મેદાન સામે આવેલ નિલગિરિના ઝાડ પર ચડી એક યુવકે આત્મહત્યાનો પ્રયાસ કર્યાં હોવાની ઘટના સામે આવી છે.

મળતી માહિતી મુજબ સાત રસ્તા પાસે ઝૂંપડામાં રહેતા શંકર ડામી (ઉ.વ. ૪૨)ને તેની પત્ની સાથે બોલાચાલી થઈ હતી. ત્યાર બાદ નશાની હાલતમાં પ્રદર્શન મેદાન સામે આવેલ નિલગિરિના ઝાડ પર ચડી ગળાફાંસો ખાવાનો પ્રયાસ કરી લટકતો જોવા મળ્યો હતો. બનાવની જાણ થતાં આસપાસના લોકોએ ડોટી આવી તેને નીચે ઉતારવાનો પ્રયાસ કર્યો હતો અને ૧૦૮ને જાણ કરી હતી.

૧૦૮ની ટીમે ઘટનાસ્થળે પહોંચી બચાવ કામગીરી હાથ ધરી શંકર ડામીને સલામત રીતે નીચે ઉતારી સારવાર અર્થે સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. હાલમાં તે બેભાન હાલતમાં હોવાનું જાણવા મળે છે. પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

પત્ની સાથે બોલાચાલી બાદ આવેશમાં પગલું ભર્યું, ૧૦૮ની મદદથી બચાવાયો, પોલીસે તપાસ આદરી

એરપોર્ટથી સર્કિટ હાઉસ સુધીનાં દબાણો દૂર કરાશે

જામનગરમાં મોદીનાં આગમન સંદર્ભે તૈયારીઓનો ધમધમાટ

જામનગર,તા.૫

વડાપ્રધાનના ગુજરાત પ્રવાસ અંતર્ગત તા. ૧૦માંએ જામનગરમાં કાર્યક્રમ યોજવાનાં હોવાથી વહિવટી તથા પોલીસ તંત્ર દ્વારા તૈયારીઓ હાથ ધરાઈ છે. અધિકારીઓ દ્વારા વિવિધ સ્થળોની મુલાકાત લઈ વ્યવસ્થાની સમીક્ષા કરાઈ હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૦માંએ જામનગર આવવાની અને રાત્રિ રોકાણ કરે તેવી શક્યતા હોવાથી તંત્ર દ્વારા તૈયારીઓ હાથ ધરાઈ છે. સુરક્ષા વ્યવસ્થા તથા તૈયારીઓને અંતિમ રૂપ આપવામાં આવી રહ્યું છે. આજે મ્યુનિ. કમિશનર, જિલ્લા પોલીસ વડા, અધિક કલેક્ટર સહિતના અધિકારીઓ દ્વારા વિવિધ સ્થળોની મુલાકાત લઈ વ્યવસ્થાની સમીક્ષા કરાઈ હતી.

જ્યારે જામનગર એરપોર્ટથી લાલ બંગલા સર્કિટ હાઉસ સુધી તથા એરફોર્સ સ્ટેશનથી સર્કિટ હાઉસ સુધીના રૂટ પરથી દબાણો દૂર કરવાની કામગીરી પણ હાથ ધરાઈ છે.

સુડોળ શરીરના નામે દૂબળા-પાતળા થવામાં ઘણા માનતા નથી

ખાવો, પીવો, મોજમાં રહો: તા.૬ મેના કેટલાક દેશો 'નો ડાયેટ' દિવસ ઉજવે છે

રાજકોટ,મંગળવાર

ભારત સહિત વિશ્વમાં ખોરાક માટે એક શબ્દ બહુ પ્રચલિત છે-ડાયેટીંગ. અર્થાત કોઈ કૌનિક બિમારી ધરાવતાને સાજા થવા કે સ્થુળકાય વ્યક્તિનું વજન ઘટાડવા શુ ખાવું,શુ ન ખાવું તેની ઝીણવટભરી યાદી આપી લોકો કરવા કહેવાય છે તે ડાયેટ પર તબીબો ભાર મુકતા રહ્યા છે. પરંતુ, આવતીકાલ તા.૬ મેના આ વલણથી વિપરીત 'ઈન્ટરનેશનલ નો ડાયેટ ડે ' પણ ઉજવાય છે.

આ દિવસ ઉજવવાની શરુઆત યુ.કે.માં લંડનમાં કરવા ગયેલી ડગ્નેક સોશ્યલ મિડીયામાં તે ચલાવાતો રહે છે. જો કે તેની ટીકા પણ થઈ છે. આ દિવસના સમર્થકો ડાયેટ કલ્ચરને જ ચેલેન્જ કરે છે અને સ્વાદિષ્ટ ખોરાક સાથે તંદુરસ્ત સંબંધો રાખવાને તથા કોમર્શીયલ ડાયેટ પ્લાનની સલામતિ અને અસરકારકતા સામે સવાલો કરે છે.

નો ડાયેટ દિવસ ઉજવનારા શરીર પાતળુ છે કે જાડુ જે કુદરતી છે તે જ બરાબર છે. સુંદરતાના ધોરણોને તેઓ અવાસ્તવિક ગણાવે છે અને આરોગ્ય એ શરીરની સાઈઝ ઉપર નિર્ભર નથી તેમ માને છે.

મહિલાઓએ ૧૯૯૨માં નાના પાયે શરુ કરી હતી અને પછી અન્ય દેશોમાં આ દિવસ ઉજવાવા લાગ્યો અને આજે

સૌથી પહેલા આ દિવસ યુ.કે.માં ઉજવાયો, જો કે યુ.એન. દ્વારા તેને માન્યતા નથી બલ્કે તે ભુખમરો દૂર કરવા પર ભાર મુકે છે

બે ચોરાઉ બાઈક પર જઈ ત્રણ મકાનમાં ત્રાટક્યા હતા

ગોંડલમાં એક જ રાતમાં પાંચ સ્થળે ત્રાટકેલા શિકલીગર ગેંગના બે સભ્યો ઝડપાયા

રાજકોટ, મંગળવાર

ગોંડલ શહેરમાં એક જ રાતમાં બે વાહનની ચોરી કરી તેની ઉપર બેસી ત્રણ મકાનમાં ત્રાટકી તરખાટ મચાવનાર શિકલીગર ગેંગના બે સભ્યો નાનકસિંગ ઉર્ફે કુલદીપસિંગ બલ્લેસિંગ ટાંક (ઉ.વ.૪૫, રહે. બેસ્તાન, ભીંડી બજાર, સુરત) અને જશપીરસિંગ ઉર્ફે જગદીરસિંગ રાજેન્દ્રસિંગ ટાંક (ઉ.વ.૨૫, રહે. સ્વામિનારાયણ ગુરુકુળ પાસે, વંથલી)ને અલસીબીએ ઝડપી લીધા હતા.

બંને આરોપીઓ લાંબો ગુનાઈત ઈતિહાસ ધરાવે છે, કારમાં ચોરી કરવા આવ્યા હતા

બંને આરોપીઓ ઝાયલો કાર લઈ ગોંડલ આવ્યા બાદ કારને હાઈવે પર અવરાવ્રડ જગ્યાએ પાર્ક કરી નજીકમાં આવેલા વિસ્તારોમાંથી બે બાઈકની ચોરી કરી હતી. આ ચોરાઉ બાઈક ઉપર જઈ ગોંડલથી ગુંદાળા રોડ પર વ્રજવાટિકા એપાર્ટમેન્ટમાં રહેતા ટ્રાન્સપોર્ટર રાજદીપભાઈ નંદલાલભાઈ ઉછપાના મકાનમાં ત્રાટકી ક્બાટમાંથી રૂા.૬ લાખનાં સોના-ચાંદીના દાગીના અને રૂા.૧ લાખની રોકડ રકમ ચોરી ગયા હતા.

આ ઉપરાંત અન્ય બે મકાનોમાં પણ ત્રાટક્યા હતા પરંતુ સફળતા મળી ન હતી. એક મકાનમાં વૃદ્ધા જાગી જતાં ભાગી ગયા હતા. ચોરી કર્યા બાદ બંને બાઈક રેઢા મુકી ઝાયલો કારમાં સુરત જતા રહ્યા હતા. એલસીબીએ તપાસમાં ઝુંકાવી સીસીટીવી ફુટેજનાં આધારે બંને આરોપીઓની ઓળખ મેળવી ઝડપી લીધા હતા. આરોપીઓ પાસેથી ગુનામાં વપરાયેલી ઝાયલો કાર, બે ચોરાઉ બાઈક, મોબાઈલ ફોન, રોકડ રકમ, ડિસ્મીસ, લોખંડનો સળીયો વગેરે કબ્જે કર્યો હતો. એલસીબીના સુત્રોએ જણાવ્યું કે, બંને આરોપીઓ રીઢા ઘરફોડીયા છે. એટલું જ નહીં લાંબો ગુનાઈત ઈતિહાસ ધરાવે છે. આરોપી નાનકસિંગ સામે રાજ્યભરમાં ચોરી સહિતનાં ૩૦થી વધુ ગુના નોંધાયા છે. મોટાભાગનાં ગુના સુરત અને તેની આસપાસનાં વિસ્તારમાં છે. પાસાની હવા પણ ખાઈ આવ્યો છે. બીજા આરોપી જશવીરસિંગ વિરુદ્ધ પણ ચોરી સહિતનાં ડઝનથી વધુ ગુના નોંધાયા છે. તે પણ પાસાની હવા પણ ખાઈ આવ્યો છે.

માનવતાને શરમાવે તેવી ઘટના

હળવદમાં આઠ માસનાં બાળકને મોતને ઘાટ ઉતારનાર પિતાની ધરપકડ

હળવદ,તા.૫

હળવદના સુસવાવ ગામ પાસે સ્મશાન નજીકથી મળેલા અજાણ્યા બાળકના મૃતદેહનો ભેદ પોલીસે ઉકેલી આરોપી પિતાની ધરપકડ કરી છે. પોલીસ પુછપરછમાં આરોપી પિતાએ જ પોતાના ૮ માસના પુત્રને બિનવારસી હાલતમાં તરછોડી દેતા ભુખ-તરસથી તેનું કરુણ મોત નીપજ્યું હોવાનું બહાર આવ્યું છે.

કૌટુંબિક કકળાટ અને પ્રેમસંબંધમાં પુત્ર આડો આવતાં પિતાએ નદી કાંઠે ત્યજી દીધું હોવાથી ભૂખ-તરસથી મોત નીપજ્યું હતું

સુસવાવ ગામ નજીક ક્રાઝણી નદીનાં કાંઠે થોડા દિવસો પૂર્વે એક આઠ માસના બાળકનો મૃતદેહ મળી આવ્યો હતો. હળવદ પોલીસે એફ.એસ.એલ.ની મદદ લઈ તપાસ હાથ ધરી હતી. બાળકની ઓળખ કરવી પોલીસ માટે મોટો પડકાર હતો, પરંતુ માનવ સુત્રો અને મીડિયાના માધ્યમથી મળેલી બાતમીના આધારે પોલીસે દાહોદ જિલ્લાના શખ્સ સુધી પહોંચવામાં સફળતા મેળવી લીધી.

પોલીસે તપાસના અંતે હળવદની રાયસંગપુર ગામની સીમમાં રહેતા આરોપી પિતા ભયલુ તેરસીંગ બામલીયા (મુળ રહે. ભુવેરી, તા. ધાનપુર, જી. દાહોદ)ની અટકાયત કરી હતી. પોલીસની પુછપરછમાં નરાયમ પિતાએ કબૂલાત કરી હતી કે મૃતક બાળક નવશીક તેનો જ પુત્ર હતો. આરોપીના જણાવ્યા મુજબ, તેની પત્નીબાળકને મુકીને જતી રહી હતી ક્રૌટુંબિક મનમેળના અભાવે બાળકને પોતાની સાથે મજૂરી કરવા લાવ્યો હતો. જોકે, બાળક ખોરાક ન લેતું હોવાથી અને અન્ય યુવતી સાથે પ્રેમસંબંધ આડપીલીરૂપ બનતા કંટાળી જઈને તેને મામાના ઘરે મુકી આવવાનું કહી સુસવાવ પાસે નિર્જન સ્થળે ત્યજી દીધો હતો.

અસહાય બાળકનું ત્યાં જ મોત નીપજ્યું હતું. પોલીસે આ મામલે આરોપી પિતા વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે. તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે આરોપી અગાઉ અનેક યુવતીઓને પ્રેમજાળમાં ફસાવી ભગાડી લાવવાનો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે.

ધોરાજીનાં સુપેડી ગામે ગળે ફાંસો ખાઈ યુવકનો આપઘાત

ધોરાજી, તા.૫

ધોરાજીનાં સુપેડી ગામે રહેતાં ખુશકુમાર અનિલભાઈ પટેલ નામના ૧૮ વર્ષીય યુવકે કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરે ગળે ફાંસો ખાતા તેનું મોત નિપજ્યું હતું. પોલીસે યુવકનો મૃતદેહ પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી બનાવનું કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

ગોંડલ-ખંભાળિયામાં ગૌ-માતાને રાષ્ટ્રીય દરજ્જો આપવાનું અભિયાન

ગોંડલ, ખંભાળિયા, તા.૫

ગોંડલનાં ગૌ ચેરીટેબલ ટ્રસ્ટનાં ઉપક્રમે તા.૦૯ ગુરૂવારે સવારે ૧૧ કલાકે ભાઠેર રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. ગાયને રાષ્ટ્ર માતાનો દરજ્જો આપવાની માંગ સાથે આયોજિત આ રેલી માંડવી ચોકથી શરૂ થઈ કોલેજ ચોક, રથામવાડી ચોક, જી.ઈ.બી. ઓફિસ થઈ મામલતદાર ઓફિસે પહોંચશે. જ્યાં મામલતદારને આવેદનપત્ર પાઠવશે. આ જ અભિયાન અંતર્ગત ગુરૂવારે જ ખંભાળિયાનાં જોધપુર ગેઈટ વિસ્તાર ખાતેથી સાંજે પાંચ વાગ્યે ભાઠેર રેલી નીકળશે. જે નગર ગેઈટ, મિલન ચાર રસ્તા, જોબ્સર રોડ, રેલવે સ્ટેશન થઈ મહેસુલ ભવન પહોંચી મામલતદારને આવેદન આપવામાં આવશે.

શિવ પાર્કમાં કારમાંથી દારૂ સાથે વૃદ્ધ ઝડપાયા

રાજકોટ, મંગળવાર

૧૫૦ ફુટ રીંગ રોડ પર શિવ પાર્ક શેરી નં.૩માં કાઠીબ્રાંચે દરોડો પાડી શ્રમબોધી રૂા.૪૪,૦૦૦ની કિંમતની વિદેશી દારૂની ૧૦ બોટલ સાથે ચાલક અજય પીરજીભાઇ ગણાત્રા (ઉ.વ.૬૦, રહે. શિવ પાર્ક શેરી નં.૩, માધવ કોમ્પલેક્ષ)ને પકડી લઈ દારૂનો જથ્થો તથા કાર મળી રૂા.૨.૫૪ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો લતો.

(નાણા મંત્રાલય, નાણાકીય સેવા વિભાગ) ડિકલી ઓફિસર સમક્ષ,

ઋણ વસુલી અધિકરણ - II

ચોથો માળ, લોકુમાલ ચેમ્બર્સ, ઈંધણ પેટ્રોલ પંપ સામે, એલીસબ્રીજ, અમદાવાદ - ૩૮૦૦૦૬

સત્યમેવ જયતે

હોર્ન નં. ૨૨ (પહેલા ૬૨) (ડીમાન્ડ ડ્રાફ્ટોલન ૨૦૨૪ ના નિયમ ૩૫ અને ૩૭)

(ડિમાન્ડ એક્ટ - ૧૯૩૧ ના લીમ્ટેડ્સાઇડ નિયમ ૫૨ (૭) (૬) જુઓ)

નાદારીની વણી લેણાંની વસુલાતના ૧૦૬૩ ના કલ્પ્ટ સાથે વેચાણ કેટા વેચાણની જાહેરાત

ઈ-હરાજી/ વેચાણ નોટીસ (રજી. એ.ડી./ રાજડી/ સંદીકલેશન/ બીટ બોક્સ દ્વારા/ પબ્લિકેશન દ્વારા)

RP/IRC No.	૬/૨૦૨૪	OA No.	૪૪૮/૨૦૧૩
પ્રમાણપત્ર લાયકાતી		ભારતીય સ્ટેટ બેંક	
વિરુધ્ધ			
પ્રમાણીત રેવાદારો		મે. સિન્પ્યાસ કુમુદ સ્ટેશન અને અન્યો	

પ્રતિ,

સીટી નં. ૧ : મે. સિન્પ્યાસ કુમુદ સ્ટેશન, જેની પ્રોપરાઇટરશીપ લાયકાતી શ્રી કુમીકુલાઈ મેહબુબભાઈ જોખીમા

જેની પ્રોપ્રિટરનું સરનામું : જાફરાબાદ રોડ, લીલેરા, તા. જાફરાબાદ, અમરેલી, ઈ. જાફરાબાદ, અમરેલી -૩૬૫૪૦૦

સીટી નં. ૨ : શ્રી કુમીકુલાઈ મેહબુબભાઈ જોખીમા - મે. સિન્પ્યાસ કુમુદ સ્ટેશનની પ્રોપરાઇટર

જેનું સરનામું : પોલીટો ક્રાફ્ટ વાડી પાસે, વરુડા રોડ, રાજુલા, અમરેલી, ગુજરાત - ૩૬૫૪૦૦

સીટી નં. ૩ : શ્રી મેહબુબભાઈ ખાલકભાઈ જોખીમા

જેનું સરનામું : બીલોટોનીની વાડી, આદિજાતી વાડી, રાજુલા, અમરેલી, ગુજરાત - ૩૬૫૪૦૦

ઉપરોકત ઓફિસોર ઈન્ટર્સ નં. ૧ થી ૩ ના **તા. ૦૫.૦૨.૨૦૨૪** ના સાદા અરેજ મુજબ ન્યાદી કોલ **ઓ.એ. નં. ૪૪૮/૨૦૧૩** થી તા. ૨૧.૦૨.૨૦૨૪ ના રોજ પાસ કરાવ્યા અનુસાર અને દુકમા ઇંટર્સમાં તા. **૦૩.૦૬.૨૦૨૩** ના રોજની ન્યાય સાંભળી કરા **રૂા. ૩૦,૨૦,૫૦૦.૧૭ (ફક્ત ત્રીસ લાખ બોત્તર પચાસ હજાર પાંચસો સત્ર અને કોલ પેઝા પૂરા)** (બાદ ટોકણી કલ્ચ, જે હોલ ટી) મુકરામાં નિમ્નના જણાવ્યા મુજબ ઉપરોકત મામલામાં જાહેર ઈ-હરાજી દ્વારા વેચવામાં આવશે. હરાજીનું વેચાણ "એનલાઇન ઈ-હરાજી" પર કરવામાં આવશે. વેબસાઇટ : https://baanknet.com.

લોટ નં.	મિલ્કતોનું વર્ણન	અનામત કિંમત રાઉન્ડ બોક્સ	ઈ.એમ.ડી. ૧૦% અથવા રાઉન્ડ બોક્સ
૧	**લોટ નં. ૧ (બાલ્ટિક એ)** **નિમ્નલેખિતાના બોક્સોનિક કેતુ જમીન (પ્રોપેરા પંપ અને રેસ્ટોરન્ટ)** : જેના મ.નં. ૧૬૭ પૈકી ૩, વિસ્તાર ૫૩૧.૦૦ ચો.મી., મે.ઈ-૩-૧૨, ગામ લોધપુર, તાલુકો જાફરાબાદ ખાતે સ્થિત છે. **ચતુર્દિશા નીચે મુજબ છે : પૂર્વ :** રાજુલા જાફરાબાદ રોડ, **પશ્ચિમ :** મ.નં. ૧૬૭ પૈકી ૩ પૈકીના, **ઉત્તર :** મ.નં. ૧૬૭ પૈકી ૩ પૈકીના, **દક્ષિણ :** મ.નં. ૧૬૭ પૈકી ૩ પૈકીના	રૂા. ૪૦,૦૦,૦૦૦/-	રૂા. ૪,૦૦,૦૦૦/-

નોંધ : EMD ઈ-હરાજી વેબસાઇટ : https://baanknet.com એટલે કે baanknet દ્વારા પોર્ટલમાં જમા કરાવવાની રહેશે. સીમી વધુ બોલી લગાવનાર વ્યક્તિએ baanknet પોર્ટલમાં ઘુસવાની ક્રોસેક્શનની અંતિમ તિથિ ૨૩માના ૧૫:૦૦ એટલેકસ્ટેન્ડ આગામી વીક કાર્યવાહી દિવસ મુદતીમાં RTGS/NEFT દ્વારા નીચે મુજબની વિગતો મુજબ જમા કરાવવાના રહેશે.

લાભાર્થી નોંધણું નામ	ભારતીય સ્ટેટ બેંક
લાભાર્થી નોંધણું સરનામું	SARB રાજકોટ, પહેલો માળ, SBI જુબ્બામાના શાખા, જવાહર રોડ, રાજકોટ
લાભાર્થી ખાતા નંબર	૩૪૦૪૫૪૩૭૫૨
IFSC Code	SBIN0006318

૧. ઉપરોકત લોટ નં. ૧ માટે બીડની વધારાની રકમ **રૂા. ૧૫,૦૦૦** રહેશે.

૨. સંભિવત બીડર્સે ઓનલાઇન તાલીમ મેળવવા માટે સર્વિસ પ્રોવાઇડર મે. **PSB Alliance (BAANKNET Auction Portal)** (ટેલિ. હેલ્પલાઇન નં. +૯૧ ૮૪૧૨ ૦૦૨૨) અને **શ્રી કલ્પના પરેખ** (મોબાઇલ નં. ૦૩૨૪૮૩૩૦૦), ઈ-હરાજીના ઈ-મેઇલ આઈડી : **Support.BAANKNET@psballiance.com** પરથી તાલીમ સેમ્પલી શકે છે અને મિલકતની વધુ માહિતી માટે **શ્રી નીલેશ રાજ કુમાર** (૪૨૧૯૦ ૨૪૧૪૨) પર સંપર્ક કરી શકાશે.

૩. સંભવિત બીડરોએ જરૂરજણાતું કે વધુ માહિતી અને શરતો તથા વેચાણ માટે ઈ-હરાજીની પ્રસ્તાવ મોકલતા પહેલા અને ઈ-હરાજીની પ્રક્રિયામાં ભાગ લેતા પહેલાં વેબસાઇટ **https://baanknet.com** જોઈલેવી.

૪. સંભવિત બીડર્સે સરકાર આવખાસાં અંગે તે કે ઈ-હરાજી અગાઉ થતા હરાજીનાં ૧ કલાક દરમ્યાન (ઈમેઝોની રકમ બાદ કરીને) કમની મુકવાનું પ્રાપ્ત કરવાની સરકાર આવખાસાં અંગે તે અને હરાજીના ૧૫ દિવસની અંદર વધીની કરાર કરવાની રહેશે અને જો કરાર દિવસે રાખવા કે બ્લક રાખતો હશે, તો તરત પછીના કાર્યકારી દિવસ સુધમાં ન્યાયી. સુદ્રા વધારા માટેની કોઈપણ વિનંતીને ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

૫. આ મિલકતો "જ્યાં છે ત્યાં" અને "જેમ છે તેમ" ના આધારે વેચાણ કરવામાં આવશે અને સંભવિત બીડરોએ બોલી દીઠ પૂર્વ ખાતરી કરી લેવી.

૬. હરાજીની વિગતો નીચે મુજબ છે :

હરાજીનું શેડયુલ

૧	લિલામનું નિશ્ચિત્ત	**તા. ૦૯.૦૬.૨૦૨૬, સમયે ૧૧.૦૦ થી બપોરના ૨.૦૦ કલાક વચ્ચે**
૨	ઈમેઝોની રકમ અને સુકવણીના પુરાવા સહિત દરકારોની રજીસ્ટ્રી તારીખ	**તા. ૦૩.૦૬.૨૦૨૬, સાંજના ૫૫.૦૦ કલાક સુધી**
૩	ઈ-હરાજી તારીખ અને સમય	**તા. ૦૪.૦૬.૨૦૨૬, બપોરના ૧૧.૦૦ થી ૦૧.૦૦ સી ધમ્યો (ઈ-હરાજીના કલાકિત સુધી, ૦૩ મીનીટના ઓટો એકસટેન્શન સાથે)**

સહી/- (સત્તા દ્વારા વર્ક)
ડીકલી અધિકારી - II,
ડેબ્ટસ ડીકલી ટ્રીબ્યુનલ-II, અમદાવાદ

ગુજરાત સમાચાર ક્લાસિફાઈડ

ટ્યુકડી જાહેરખબર

CLASSIFIEDS
CALL : 7573028015

જોઈએ છે

ઓફિસ સ્ટાફ જોઈએ છે. કમ્પ્યુટર ઓપરેટર, સફાઈ કામ, સિકયોરીટી સ્ટાફ જોઈએ છે. મોબાઈલ- 82001 33691 ન્યુ 150 ફુટ રીંગ રોડ. રાજકોટ.

(ઢા. નાનજી જેઠાલાલ) પેલેસ રોડ, સંતોષ ડેરીની બાજુમાં, કરીયાણા જનરલ વીજવસ્તુઓનાં વેચાણ બીલ બનાવી શકે તેવા અનુભવી માણસ. 99797 02749

ઘરબેઠા કોમ્પ્યુટર તથા એન્ડ્રોઇડ ફોનમાં વર્ક કરી ડેઇલી પેમેન્ટ 97239 95896

સમગ્ર ગુજરાત માટે FMCG પ્રોડક્ટસ માટે રીજીયોનલ સેલ્સ મેનેજર, એરીયા સેલ્સ મેનેજર, સેલ્સ રીપ્રેઝેન્ટેટીવ્સ જોઈએ છે. સંપર્ક: Mo: 9825036181

જોઈએ છે ટેલીકોલિંગ માટે ગર્લ્સ સ્ટાફ. વિશ્વેશ્વર માર્કેટ, મવડી રોડ રાજકોટ 97123 58560

જોઈએ છે મુંબઈમાં સ્ટોઈ ઘરકામ માટે સુસંસ્કારી સુશીલીત બહેન 9930609108

પ્રોપર્ટી જનરલ

વેચવાનું છે

મીલકતોનો અદલો- બદલો. વધારાનાં રૂપિયા આપવાના. (1) 215 વારનો પ્લોટ, આશારામ આશ્રમ પાસે, 40'ના રોડનો. (2) 105 વારનો પ્લોટ, કલાવડ ઈસ્કોન મંદિર સામે. (3) 200 ફુટની દુકાન, કેનાલ રોડ, ગુંદાવાડી પોલીસ ચોકીસ પહેલામાળે. (4) 231 વારનો બંગલો, ઈશ્વરીયા ઝીબ્રાવુડ. ઉપરની મીલકતો સામે વધારાનાં રૂપિયા આપવાના. અદલા-બદલા કામ માટે મળો- (દલાલ) 98250 78522

સુચિત શેડ વેચવાનો 206 વાર, શ્રીહરિ ઈન્ડસ્ટ્રીયલ